અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૨૫

-: પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...

www.hajinaji.com

• Like us on Facebook •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૪૧ | સૂરએ હા મીમ સિજદહ (આયત ૪૭ થી ૫૪) | ૪ |
| ૪૨ | સૂરએ શૂરા (આયત ૧ થી ૫૩) | ૧૧ |
| ૪૩ | સૂરએ ઝૂખરૂફ (આયત ૧ થી ૮૯) | ૪૮ |
| ૪૪ | સૂરએ દોખાન (આયત ૧ થી ૫૯) | ૯૧ |
| ૪૫ | સૂરએ જાસેયાહ (આયત ૧ થી ૩૭) | ૧૧૧ |

اِلَيۡهِ يُرَدُّ عِلۡمُ السَّاعَةِ ؕ وَمَا تَخۡرُجُ مِنۡ ثَمَرٰتٍ مِّنۡ اَكۡمَامِهَا
وَمَا تَحۡمِلُ مِنۡ اُنۡثٰى وَلَا تَضَعُ اِلَّا بِعِلۡمِهٖ ؕ وَيَوۡمَ يُنَادِيۡهِمۡ
اَيۡنَ شُرَكَآءِىۡ ۙ قَالُوۡۤا اٰذَنّٰكَ ۙ مَا مِنَّا مِنۡ شَهِيۡدٍ ۚ﴿۴۷﴾

(૪૭) તે સમય (કયામત)નું જ્ઞાન તેની જ તરફ રજૂ કરવામાં આવે છે; અને તેની જાણ વિના ન કોઇ ફળ પોતાના પોપડામાંથી બહાર નીકળે છે, અને ન કોઇ માદા ગર્ભ ધારણ કરે છે, અને ન તેણી જણે છે; અને તે દિવસે તે તેઓ (મુશરીકો)ને સાદ કરી ફરમાવશે કે મારા શરીકો ક્યાં છે? તેઓ

કહેશે કે અમે તો તને ખબર આપી ચૂક્યા છીએ કે અમારામાંથી કોઇ પણ (તેમને) જાણતો નથી.

وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَدْعُوْنَ مِنْ قَبْلُ وَظَنُّوْا مَا لَهُمْ مِّنْ مَّحِيْصٍ ﴿٤٨﴾

(૪૮) અને જે જે વસ્તુઓને તેઓ પહેલાં પોકાર્યા કરતા હતા હવે તે સર્વે તેમની પાસેથી જતી રહેશે, અને તેમને ખાત્રી થઇ જશે કે તેમના માટે છટકી જવાનો કોઇજ માર્ગ નથી.

لَا يَسْـَٔمُ الْاِنْسَانُ مِنْ دُعَآءِ الْخَيْرِ ۫ وَاِنْ مَّسَّهُ الشَّرُّ فَيَـُٔوْسٌ قَنُوْطٌ ﴿٤٩﴾

(૪૯) ઈન્સાન લાભ માટેની દુઆ (માંગવા)થી (મુદ્દલ) કંટાળતો નથી. અને જો તેને કોઇ દુ:ખ પહોંચે છે તો તે હતાશ (અને) નિરાશ બની જાય છે.

وَلَئِنۡ اَذَقۡنٰهُ رَحۡمَةً مِّنَّا مِنۡۢ بَعۡدِ ضَرَّآءَ مَسَّتۡهُ لَيَقُوۡلَنَّ هٰذَا لِىۡ ۙ وَمَاۤ اَظُنُّ السَّاعَةَ قَآئِمَةً ۙ وَّلَئِنۡ رُّجِعۡتُ اِلٰى رَبِّىۡۤ اِنَّ لِىۡ عِنۡدَهٗ لَـلۡحُسۡنٰى ۚ فَلَـنُنَبِّئَنَّ الَّذِيۡنَ كَفَرُوۡا بِمَا عَمِلُوۡا ۙ وَلَـنُذِيۡقَنَّهُمۡ مِّنۡ عَذَابٍ غَلِيۡظٍ ﴿۵۰﴾

(૫૦) અને તેના પર કોઇ દુ:ખ આવી પડ્યું હોય તે બાદ અમે તેને જો અમારી દયાની મજા ચખાડીએ તો તે જરૂર આ કહેશે કે આનો તો હું

હકદાર હતો જ, અને હું નથી ધારતો કે કયામત આવનાર છે, અને જો કદાચને હું મારા પરવરદિગારની હજૂરમાં પાછો ફેરવવામાં પણ આવીશ તો તેની પાસે પણ મારા માટે તો કલ્યાણ જ હશે; આથી નાસ્તિકો જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી તેમને (કયામતના દિવસે) જરૂર વાકેફ કરી દઇશું, અને તેમને સખત અઝાબની મઝા જરૂર ચખાડીશું.

وَاِذَآ اَنۡعَمۡنَا عَلَى الۡاِنۡسَانِ اَعۡرَضَ وَنَاٰ بِجَانِبِهٖ‌ۚ وَاِذَا مَسَّهُ
الشَّرُّ فَذُوۡ دُعَآءٍ عَرِيۡضٍ ﴿۵۱﴾

(૫૧) અને જ્યારે અમે ઈન્સાનને કોઇ નેઅમત અર્પણ કરીએ છીએ તો તે (અમારા તરફથી) મોઢું

ફેરવી લે છે, અને પોતે ખસી જાય છે, અને જો તેના ઉપર કોઇ દુઃખ આવી પડે છે તો તે લાંબી - લાંબી દુઆ માંગવા લાગી જાય છે.

قُلْ اَرَءَيْتُمْ اِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ ثُمَّ كَفَرْتُمْ بِهٖ مَنْ اَضَلُّ مِمَّنْ هُوَ فِيْ شِقَاقٍۢ بَعِيْدٍ ﴿٥٢﴾

(૫૨) (અય રસૂલ !) તું કહે કે ભલા તમારી સમજમાં આ વાત આવે છે કે જો આ (કુરઆન) અલ્લાહના તરફથી હોય, છતાં તમે તેના ઇન્કાર કરનારા થયા હો, તો (પછી) જે હદ ઉપરાંતની વિરૂધ્ધતામાં હોય તેના કરતાં વધારે (મોટી) ગુમરાહીમાં કોણ હોઇ શકે છે ?

سَنُرِيۡهِمۡ اٰيٰتِنَا فِى الۡاٰفَاقِ وَفِىۡۤ اَنۡفُسِهِمۡ حَتّٰى يَتَبَيَّنَ لَهُمۡ اَنَّهُ
الۡحَـقُّ‌ ؕ اَوَلَمۡ يَكۡفِ بِرَبِّكَ اَنَّهٗ عَلٰى كُلِّ شَىۡءٍ شَهِيۡدٌ ﴿۵۳﴾

(૫૩) અમે તેમને નજીકમાં જ (જગતની) દિશાઓમાં અમારી (કુદરતની) નિશાનીઓ દેખાડીશું અને ખુદ તેમના પોતાનામાં પણ, અહીં સુધી કે તેમના પર આ વાત ઉઘડી જશે કે આ (કુરઆન) સત્ય છે; શું તારો પરવરદિગાર એ વાત માટે પૂરતો નથી કે તે દરેક વસ્તુનો જાણકાર છે ?

اَلَاۤ اِنَّهُمۡ فِىۡ مِرۡيَةٍ مِّنۡ لِّقَآءِ رَبِّهِمۡ‌ ؕ اَلَاۤ اِنَّهٗ بِكُلِّ شَىۡءٍ
مُّحِيۡطٌ ﴿۵۴﴾

(૫૪) ખબરદાર રહો ! તેઓ પોતાના પરવરદિગારની મુલાકાતના સંબંધમાં શંકામાં છે; ખબરદાર રહો ! બેશક તે દરેક ચીજને (જ્ઞાન તથા કુદરતથી) ઘેરી લેનાર છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

حٰمٓ ۚ ﴿١﴾

(૧) હા મીમઃ

عٓسٓقٓ ﴿٢﴾

(૨) અયન સીન કાફ.

كَذٰلِكَ يُوۡحِىۡۤ اِلَيۡكَ وَاِلَى الَّذِيۡنَ مِنۡ قَبۡلِكَ ۙ اللّٰهُ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ﴿٣﴾

(3) (અય રસૂલ !) ઝબરદસ્ત હિકમતવાળો અલ્લાહ તારી તરફ અને જેઓ તારી પહેલાં હતા તેમના તરફ આવીજ રીતે વહી કરતો રહ્યો છે.

لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۗ وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ ۝٤

(૪) આસમાનો અને જમીનમાં જે કાંઇ છે તે (સઘળું) તેનુંજ છે; અને એજ ઉચ્ચ દરજ્જા (અને) બુઝુર્ગીવાળો છે.

تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرْنَ مِنْ فَوْقِهِنَّ وَالْمَلٰٓئِكَةُ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَيَسْتَغْفِرُوْنَ لِمَنْ فِي الْاَرْضِ ۗ اَلَآ اِنَّ اللّٰهَ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ۝٥

(૫) (નાસ્તિકોની આ વાતોથી) પાસે છે કે આસમાન (અલ્લાહના પ્રભાવથી) તેમની ઉપરથી ફાટી પડે, પણ ફરિશ્તા પોતાના પરવરદિગારના ગુણગાનની તસ્બીહ કરતા રહે છે, અને જે લોકો જમીનમાં છે તેમના માટે ક્ષમા માંગતા રહે છે (જેથી તેમ થતું નથી); ખબરદાર રહો! બેશક અલ્લાહ એ જ છે કે જે મહા ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَالَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ اللّٰهُ حَفِيْظٌ عَلَيْهِمْ ۖ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ۝٦

(૬) અને જે લોકોએ તેને છોડી બીજા વાલી બનાવી લીધા છે તેમના પર અલ્લાહ નિગાહ

રાખી રહ્યો છે, અને (અય રસૂલ !) તું તેમનો જવાબદાર નથી.

وَ كَذٰلِكَ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ قُرۡاٰنًا عَرَبِيًّا لِّتُنۡذِرَ اُمَّ الۡقُرٰى وَمَنۡ حَوۡلَهَا وَتُنۡذِرَ يَوۡمَ الۡجَمۡعِ لَا رَيۡبَ فِيۡهِ ؕ فَرِيۡقٌ فِى الۡجَنَّةِ وَفَرِيۡقٌ فِى السَّعِيۡرِ ۝٧

(૭) અને એવીજ રીતે અમોએ તારા તરફ કુરઆન અરબી ભાષામાં વહી દ્વારા મોકલ્યું છે કે જેથી તું ખાસ મુખ્ય શહેર (મક્કા) અને તેની આસપાસના રહેનારાઓને ડરાવે તથા તેમને ભેગા થવા (કયામત)ના દિવસથી ડરાવે કે જેના (આવવાના)

સંબંધમાં કોઇજ સંદેહ નથી; (તે દિવસે) એક ટોળું જન્નતમાં હશે અને એક ભડભડતી આગમાં.

وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَهُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّدْخِلُ مَنْ يَّشَآءُ فِيْ رَحْمَتِهٖ ؕ وَالظّٰلِمُوْنَ مَا لَهُمْ مِّنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ⑧

(૮) અને જો અલ્લાહ ચાહતે તો તે તેમને એકજ પંથના બનાવી દેતે, પરંતુ તે જેને ચાહે છે (હિદાયત આપી) પોતાની મહેરબાનીમાં દાખલ કરી લે છે; અને ઝુલમગારોનો ન કોઇ વાલી થશે અને ન કોઇ મદદગાર.

اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ ۚ فَاللّٰهُ هُوَ الْوَلِيُّ وَهُوَ يُحْيِ الْمَوْتٰى ۫ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۧ ⑨

(૯) શું તેમણે તેને છોડી દઇ બીજા વાલી બનાવી લીધા છે ? જોકે અલ્લાહ એજ (ખરો) વાલી છે, અને એજ મુડદાઓને સજીવન કરે છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

وَمَا اخْتَلَفْتُمْ فِيْهِ مِنْ شَيْءٍ فَحُكْمُهٗٓ اِلَى اللّٰهِ ؕ ذٰلِكُمُ اللّٰهُ رَبِّيْ عَلَيْهِ تَوَكَّلْتُ ۖۚ وَاِلَيْهِ اُنِيْبُ ۝١٠

(૧૦) અને જે કોઇ બાબતમાં તમે મતભેદ કરો છો તો તેનો (છેવટનો) ફેંસલો અલ્લાહના હાથમાં છે; એજ અલ્લાહ મારો પાલનહાર છે, તેના ઉપર જ હું ભરોસો રાખું છું, અને તેનીજ તરફ હું વારંવાર રજૂ થાઉં છું.

فَاطِرُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ جَعَلَ لَكُمۡ مِّنۡ اَنۡفُسِكُمۡ اَزۡوَاجًا

وَّمِنَ الۡاَنۡعَامِ اَزۡوَاجًا ۚ يَذۡرَؤُكُمۡ فِيۡهِ ؕ لَيۡسَ كَمِثۡلِهٖ شَىۡءٌ ۚ

وَهُوَ السَّمِيۡعُ الۡبَصِيۡرُ ۝١١

(૧૧) આસમાનો અને જમીનનો આરંભ કરનાર છે; જેણે તમારા માટે તમારી જ જાતમાંથી જોડાં બનાવ્યાં છે, અને ચોપગાં (જાનવરો)માંથી પણ જોડાં બનાવ્યા છે, અને (આવી રીતે) તે તમને તે (જમીન)માં ફેલાવતો રહે છે; કોઇ પણ વસ્તુ તેના જેવી નથી. અને તે મોટો સાંભળનાર (અને) જોનારો છે.

لَهٗ مَقَالِيۡدُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ۚ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ

وَيَقۡدِرُ‌ؕ اِنَّهٗ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ ﴿۱۲﴾

(૧૨) આસમાનો તથા જમીન (ના ખજાના)ની ચાવીઓ તેનાજ હાથમાં છે, જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે, અને (જેના માટે ચાહે છે) સંકોચી લે છે; ખરેખરજ તે દરેક વસ્તુથી સંપૂર્ણ વાકેફ છે.

شَرَعَ لَكُمۡ مِّنَ الدِّيۡنِ مَا وَصّٰى بِهٖ نُوۡحًا وَّالَّذِىۡۤ اَوۡحَيۡنَاۤ

اِلَيۡكَ وَمَا وَصَّيۡنَا بِهٖۤ اِبۡرٰهِيۡمَ وَمُوۡسٰى وَعِيۡسٰٓى اَنۡ اَقِيۡمُوا

ٱلدِّينَ وَلَا تَتَفَرَّقُوا فِيهِ ۚ كَبُرَ عَلَى ٱلْمُشْرِكِينَ مَا تَدْعُوهُمْ
إِلَيْهِ ۚ ٱللَّهُ يَجْتَبِىٓ إِلَيْهِ مَن يَشَآءُ وَيَهْدِىٓ إِلَيْهِ مَن يُنِيبُ ﴿١٣﴾

(૧૩) તેણે તમારા માટે એજ ધર્મ નક્કી કર્યો છે કે જેની તેણે નૂહને આજ્ઞા કરી હતી, અને જે અમોએ તારી તરફ વહી થકી મોકલ્યો છે, અને જેની અમોએ ઇબ્રાહીમ તથા મૂસા તથા ઇસાને પણ (પાળવાની) આજ્ઞા કરી હતી કે દીનને કાયમ રાખો, અને તેના સંબંધમાં મતભેદમાં વહેંચાઇ ન જાઓ; જે ધર્મ તરફ તું મુશરીકોને બોલાવે છે તે તેમના માટે અત્યંત ભારે થઇ પડ્યો છે, અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના માટે ચૂંટી કાઢે છે. અને

જે તેની તરફ વારંવાર રજૂ થાય છે તેને પોતાના તરફનો સન્માર્ગ દેખાડે છે.

وَمَا تَفَرَّقُوْٓا اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ؕ
وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى لَّقُضِيَ
بَيْنَهُمْ ؕ وَاِنَّ الَّذِيْنَ اُوْرِثُوا الْكِتٰبَ مِنْۢ بَعْدِهِمْ لَفِيْ شَكٍّ
مِّنْهُ مُرِيْبٍ ﴿١٤﴾

(૧૪) અને તેમની પાસે (સત્યનું) જ્ઞાન આવી ચૂક્યા પછીજ તેઓ પરસ્પરની ઈર્ષાના કારણે ફિર્કાઓમાં વહેંચાઇ ગયા; અને જો તારા પરવરદિગાર (તરફથી મોહલતનો) હુકમ એક નક્કી કરેલા સમય માટે પ્રથમથી નીકળી ચૂક્યો ન

હોત તો તેમની વચ્ચે (ક્યારનોય) ફેંસલો થઇ ગયો હોત, અને બેશક જે લોકોને તેમની પછી કિતાબના વારસ બનાવવામાં આવ્યા હતા તેઓ (આજ સુધી) તે (કુરઆન)ના સંબંધમાં મૂંઝવનારી શંકામાં છે.

فَلِذٰلِكَ فَادْعُ ۚ وَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ ۚ وَلَا تَتَّبِعْ
اَهْوَآءَهُمْ ۚ وَقُلْ اٰمَنْتُ بِمَآ اَنْزَلَ اللّٰهُ مِنْ كِتٰبٍ ۚ وَاُمِرْتُ
لِاَعْدِلَ بَيْنَكُمْ ؕ اَللّٰهُ رَبُّنَا وَرَبُّكُمْ ؕ لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ
اَعْمَالُكُمْ ؕ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمْ ؕ اَللّٰهُ يَجْمَعُ بَيْنَنَا ۚ وَاِلَيْهِ
الْمَصِيْرُ ؕ﴿۱۵﴾

(૧૫) માટે (અય રસૂલ !) તું તેમને તે (દીન)ની જ તરફ બોલાવ્યે જા, અને તને જેવો હુકમ આપવામાં આવ્યો છે તે મુજબ ખરા માર્ગ પર કાયમ રહે, અને તેમની ઈચ્છાઓનું અનુકરણ ન કર, અને આ કહે કે અલ્લાહે જે કિતાબ ઉતારી છે તેના પર હું ઇમાન લાવ્યો છું અને મને આ હુકમ આપવામાં આવ્યો છે કે તમારી વચ્ચે (તમારા મતભેદોનો) ન્યાય કરૂં; અલ્લાહ અમારો પરવરદિગાર છે અને તમારો પણ; અમારા કર્મો અમારા માટે છે અને તમારા કર્મો તમારા માટે; (જેથી હવે) અમારી તમારી વચ્ચે કોઇ ઝઘડાનું કારણ ન રહે. અલ્લાહ (કયામતના દિવસે)

આપણને સર્વને ભેગા કરશે. અને તેનીજ તરફ (સર્વે કોઇનું) પાછું ફરવાનું થશે.

وَالَّذِيۡنَ يُحَآجُّوۡنَ فِى اللّٰهِ مِنۡۢ بَعۡدِ مَا اسۡتُجِيۡبَ لَهٗ حُجَّتُهُمۡ دَاحِضَةٌ عِنۡدَ رَبِّهِمۡ وَعَلَيۡهِمۡ غَضَبٌ وَّلَهُمۡ عَذَابٌ شَدِيۡدٌ ﴿۱۶﴾

(૧૬) અને જે લોકો અલ્લાહની "આજ્ઞા" (જગતમાં) માની ચૂક્યા બાદ પણ તેના સંબંધમાં દૂરાગ્રહ કર્યે જાય છે તો તેમનો દૂરાગ્રહ તેમના પરવરદિગાર પાસે પોકળ જ ગણાશે, અને તેમના પર તેનો કોપ ઉતરશે અને તેમના માટે સખ્ત અઝાબ પણ (તૈયાર) છે.

اَللّٰهُ الَّذِیۡۤ اَنۡزَلَ الۡكِتٰبَ بِالۡحَـقِّ وَالۡمِيۡزَانَ‌ؕ وَمَا يُدۡرِيۡكَ لَعَلَّ
السَّاعَةَ قَرِيۡبٌ‏ ﴿۱۷﴾

(૧૭) અલ્લાહ એજ છે જેણે આ કિતાબ સત્યતાપૂર્વક ઉતારી છે અને મીઝાન (ન્યાયનું ત્રાજવું) પણ; અને તને શી ખબર કે કયામતની ઘડી કદાચને પાસે પણ હોય.

يَسۡتَعۡجِلُ بِهَا الَّذِيۡنَ لَا يُؤۡمِنُوۡنَ بِهَا‌ ۚ وَالَّذِيۡنَ اٰمَنُوۡا
مُشۡفِقُوۡنَ مِنۡهَا ۙ وَيَعۡلَمُوۡنَ اَنَّهَا الۡحَـقُّ‌ ؕ اَلَاۤ اِنَّ الَّذِيۡنَ يُمَارُوۡنَ
فِى السَّاعَةِ لَفِىۡ ضَلٰلٍۢ بَعِيۡدٍ‏ ﴿۱۸﴾

(૧૮) જેઓ તેના પર ઇમાન નથી લાવ્યા તેઓજ તેના માટે ઉતાવળ કરે છે, અને જેઓ ઇમાન

લાવ્યા છે તેઓ તો તેનાથી ડરતા રહે છે, અને આ જાણે છે કે તે (કયામત) બરહક (ખરેખરજ આવનાર) છે; ખબરદાર રહો! જે લોકો કયામતના સંબંધમાં હઠાગ્રહ કરે છે તેઓ ખરેખર મોટી ગુમરાહીમાં છે.

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ مَنْ يَّشَآءُ ۚ وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ﴿١٩﴾

(૧૯) અલ્લાહ પોતાના બંદાઓ પર ઘણોજ મહેરબાન છે, જેને ચાહે છે તેને રોઝી આપે છે, અને તે મહા શક્તિવાન (અને) ઝબરદસ્ત છે.

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ
حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ ﴿٢٠﴾

(૨૦) જે આખેરતની ખેતી ચાહે છે તેની ખેતીને અમે ઘણીજ વધારી દઇશું, અને જે દુનિયાની ખેતી ચાહે છે તેને અમે તેમાંજ આપી દઇશું, અને (પછી) આખેરતમાં તેનો કાંઇજ ભાગ હશે નહિ.

اَمۡ لَهُمۡ شُرَكٰٓؤُا شَرَعُوۡا لَهُمۡ مِّنَ الدِّيۡنِ مَا لَمۡ يَاۡذَنۡۢ بِهِ اللّٰهُ ؕ وَلَوۡلَا كَلِمَةُ الۡفَصۡلِ لَقُضِىَ بَيۡنَهُمۡ ؕ وَاِنَّ الظّٰلِمِيۡنَ لَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ۝٢١

(૨૧) શું તેઓ (નાસ્તિકો)ના એવા શરીકો છે કે જેમણે તેમના માટે ધર્મના તે કાયદા નક્કી કરી દીધા છે કે જેની અલ્લાહે બહાલી આપી નથી ? અને જો ફેંસલાને લગતું વચન (નક્કી) થઇ ચૂક્યું

ન હોત તો તેમની વચ્ચે ક્યારનોય ફેંસલો થઇ ગયો હોત; અને બેશક ઝુલમગારો માટે દુઃખદાયક અઝાબ છે.

تَرَى الظّٰلِمِيۡنَ مُشۡفِقِيۡنَ مِمَّا كَسَبُوۡا وَهُوَ وَاقِعٌۢ بِهِمۡ ؕ وَالَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ فِىۡ رَوۡضٰتِ الۡجَـنّٰتِ‌ ۚ لَهُمۡ مَّا يَشَآءُوۡنَ عِنۡدَ رَبِّهِمۡ‌ ؕ ذٰلِكَ هُوَ الۡفَضۡلُ الۡكَبِيۡرُ ﴿۲۲﴾

(૨૨) તું ઝુલમગારોને તેઓ જે કાંઇ કરી ચૂક્યા છે તે કારણે ડરતા જોશે. જોકે તે (નો બોજો) તેમના પર (જરૂર) પડનાર છે; અને જે લોકો ઇમાન લાવી ચૂક્યા તથા સત્કાર્યો કર્યા તેઓ જન્નતના બગીચાઓમાં હશે, તેમના માટે તેઓ જે કાંઇ

ચાહશે તેમના પરવરદિગાર પાસે (તૈયાર) હશે; એજ તો મહાન મહેરબાન છે.

ذٰلِكَ الَّذِىۡ يُبَشِّرُ اللّٰهُ عِبَادَهُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا
الصّٰلِحٰتِ ؕ قُلْ لَّاۤ اَسۡـَٔـلُكُمۡ عَلَيۡهِ اَجۡرًا اِلَّا الۡمَوَدَّةَ فِى الۡقُرۡبٰى ؕ
وَمَنۡ يَّقۡتَرِفۡ حَسَنَةً نَّزِدۡ لَهٗ فِيۡهَا حُسۡنًا ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ
شَكُوۡرٌ ﴿۲۳﴾

(૨૩) એજ (અલ્લાહની) તે (કૃપા) છે કે જેની અલ્લાહ પોતાના બંદાઓને કે જેઓ ઇમાન લાવ્યા તથા નેક કામો કર્યા ખુશખબર આપે છે; (અય રસૂલ !) તું કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઇ મહેનતાણું માંગતો નથી,

પરંતુ મારા નિકટના સગાવહાલાંઓનો પ્રેમ; અને જે કોઇ નેકી કરશે તો અમે (તેની) નેકી વધારી દઇશું; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) મહા શુક્રગુઝાર (કદરદાન) છે.

اَمۡ يَقُوۡلُوۡنَ افۡتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا‌ ۚ فَاِنۡ يَّشَاِ اللّٰهُ يَخۡتِمۡ عَلٰى قَلۡبِكَ‌ ؕ وَيَمۡحُ اللّٰهُ الۡبَاطِلَ وَيُحِقُّ الۡحَقَّ بِكَلِمٰتِهٖ‌ ؕ اِنَّهٗ عَلِيۡمٌۢ بِذَاتِ الصُّدُوۡرِ ۞٢٤

(૨૪) અથવા તેઓ આ કહે છે કે તે (રસૂલે) અલ્લાહ પર ખોટું આળ મૂક્યું છે ? પણ જો અલ્લાહ ચાહતે તો તારા દિલ પર મહોર મારી દેતે; પરંતુ અલ્લાહ પોતાની વાણીથી અસત્યનો

નાશ કરે છે અને સત્યને સ્થાપે છે; ખરેજ તે દિલની સ્થિતિથી સંપૂર્ણ જાણકાર છે.

وَهُوَ الَّذِىۡ يَقۡبَلُ التَّوۡبَةَ عَنۡ عِبَادِهٖ وَيَعۡفُوۡا عَنِ السَّيِّاٰتِ وَيَعۡلَمُ مَا تَفۡعَلُوۡنَ ۙ‏ ﴿۲۵﴾

(૨૫) અને તે એજ છે જે પોતાના બંદાઓની તૌબા સ્વીકારે છે, અને તેમની બૂરાઇઓથી દરગુજર કરે છે, અને તમે જે કાંઇ કરો છો તે (સઘળું) તે જાણે છે:

وَيَسۡتَجِيۡبُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَيَزِيۡدُهُمۡ مِّنۡ فَضۡلِهٖ ؕ وَالۡكٰفِرُوۡنَ لَهُمۡ عَذَابٌ شَدِيۡدٌ‏ ﴿۲۶﴾

(૨૬) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમની દુઆ કબૂલ કરી લે છે, અને તેમના સંબંધમાં પોતાની મહેરબાની વધારી દે છે, અને નાસ્તિકો માટે તો સખ્ત અઝાબ છે.

وَلَوْ بَسَطَ اللّٰهُ الرِّزْقَ لِعِبَادِهٖ لَبَغَوْا فِي الْاَرْضِ وَلٰكِنْ يُّنَزِّلُ
بِقَدَرٍ مَّا يَشَآءُ ۭ اِنَّهٗ بِعِبَادِهٖ خَبِيْرٌۢ بَصِيْرٌ ﴿٢٧﴾

(૨૭) અને જો અલ્લાહ પોતાના (સર્વે) બંદાઓ માટે રોઝી વિશાળ કરી દેતે તો તેઓ જમીન પર જરૂર બળવો કરતે, પરંતુ તે જે કાંઇ ચાહે છે તેજ પ્રમાણસર ઉતારતો રહે છે, ખરેજ તે પોતાના બંદાઓની સ્થિતિથી સંપૂર્ણ વાકેફ (અને) જોનારો છે.

وَهُوَ الَّذِیۡ یُنَزِّلُ الۡغَیۡثَ مِنۡۢ بَعۡدِ مَا قَنَطُوۡا وَ یَنۡشُرُ رَحۡمَتَہٗ ؕ

وَ هُوَ الۡوَلِیُّ الۡحَمِیۡدُ ﴿۲۸﴾

(૨૮) અને તે એજ છે કે જે તે લોકો નિરાશ થઇ ચૂક્યા હોય તે બાદ વરસાદ વરસાવે છે, અને પોતાની મહેરબાની ફેલાવી દે છે; અને એજ વાલી (અને) વખાણને પાત્ર છે.

وَ مِنۡ اٰیٰتِهٖ خَلۡقُ السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ وَ مَا بَثَّ فِیۡهِمَا مِنۡ

دَآبَّۃٍ ؕ وَ هُوَ عَلٰی جَمۡعِهِمۡ اِذَا یَشَآءُ قَدِیۡرٌ ﴿۲۹﴾

(૨૯) અને તેની નિશાનીઓમાં આસમાનો તથા જમીનનું પેદા કરવું છે અને તે બન્નેની અંદર જેટલા પણ હરફર કરનારા (પ્રાણી)ઓને ફેલાવી

દીધા છે તે પણ; અને તે જ્યારે ચાહે ત્યારે તેમને ભેગાં કરી લેવા પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

وَمَآ اَصَابَکُمۡ مِّنۡ مُّصِیۡبَۃٍ فَبِمَا کَسَبَتۡ اَیۡدِیۡکُمۡ وَیَعۡفُوۡا عَنۡ کَثِیۡرٍ ﴿۳۰﴾

(30) અને જે પણ મુસીબત તમને પહોંચે છે તે તમારા હાથોનાં કરતુતોનું જ પરિણામ છે, અને તે ઘણીખરી (ભૂલો)થી તો દરગુજર કરતો રહે છે.

وَمَآ اَنۡتُمۡ بِمُعۡجِزِیۡنَ فِی الۡاَرۡضِ ۚۖ وَمَا لَکُمۡ مِّنۡ دُوۡنِ اللّٰہِ مِنۡ وَّلِیٍّ وَّلَا نَصِیۡرٍ ﴿۳۱﴾

(૩૧) અને તમે જમીનમાં (રહીને તેને) લાચાર બનાવનારા નથી. (છતાંય અભિમાન કરો છો ?)

અને અલ્લાહના સિવાય ન તમારો કોઇ હિમાયતી છે અને ન કોઇ મદદગાર.

وَمِنۡ اٰيٰتِهِ الۡجَوَارِ فِى الۡبَحۡرِ كَالۡاَعۡلَامِ ؕ‏ ﴿۳۲﴾

(૩૨) અને સમુદ્રમાં (ચાલતાં) પહાડ જેવા વહાણો પણ તેની નિશાનીઓમાંથી છે.

اِنۡ يَّشَاۡ يُسۡكِنِ الرِّيۡحَ فَيَظۡلَلۡنَ رَوَاكِدَ عَلٰى ظَهۡرِهٖ ‌ؕ اِنَّ فِىۡ ذٰ لِكَ

لَاٰيٰتٍ لِّـكُلِّ صَبَّارٍ شَكُوۡرٍۙ‏ ﴿۳۳﴾

(૩૩) જો તે ચાહે તો હવાને થંભાવી દે. પછી તે (વહાણો) સમુદ્રની સપાટી પર (જ્યાંના ત્યાં ઉભાને) ઉભા જ રહી જાય; બેશક તેમાં દરેક

ધૈર્યવાન (અને) આભાર માનનારા શખ્સ માટે નિશાનીઓ મોજૂદ છે.

اَوۡ يُوۡبِقۡهُنَّ بِمَا كَسَبُوۡا وَيَعۡفُ عَنۡ كَثِيۡرٍ ﴿٣٤﴾

(૩૪) અથવા (જો તે ચાહે તો) તે (વહાણવાળા)ઓનો તેમના ખરાબ કામોના કારણે નાશ કરી નાખે. જો કે તે ઘણીખરી વાતોથી દરગુજર કરતો રહે છે:

وَّيَعۡلَمَ الَّذِيۡنَ يُجَادِلُوۡنَ فِىۡۤ اٰيٰتِنَا ؕ مَا لَهُمۡ مِّنۡ مَّحِيۡصٍ ﴿٣٥﴾

(૩૫) અને જે લોકો અમારી આયતોના સંબંધમાં ઝઘડતા રહે છે તેમણે જાણી લેવું જોઇએ કે તેમના માટે પનાહનું કોઇજ સ્થાન નથી.

فَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَیْءٍ فَمَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَمَا عِنْدَ اللّٰهِ
خَيْرٌ وَّاَبْقٰى لِلَّذِيْنَ اٰمَنُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ۚ﴿۳۶﴾

(૩૬) માટે જે વસ્તુ તમને આપવામાં આવી છે તે માત્ર (આ ફાની) સંસારી જીવનની પૂંજી છે, અને જે કાંઇ અલ્લાહની પાસે છે તે કેટલુંએ બેહતર અને વધુ ટકી રહેનારૂં છે, (આ) તે લોકોના માટે કે જેઓ ઇમાન લાવ્યા છે તથા પોતાના પરવરદિગાર પર શ્રદ્ધા રાખે છે.

وَالَّذِيْنَ يَجْتَنِبُوْنَ كَبٰٓئِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ وَاِذَا مَا غَضِبُوْا
هُمْ يَغْفِرُوْنَ ۚ﴿۳۷﴾

(૩૭) અને જેઓ મહાન ગુનાહ અને નિર્લજ કાર્યોથી બચતા રહે છે, અને જ્યારે તેઓ ક્રોધે ભરાય છે ત્યારે તેઓ માફ કરી દે છે.

وَالَّذِيْنَ اسْتَجَابُوْا لِرَبِّهِمْ وَاَقَامُوا الصَّلٰوةَ ۪ وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ ۪ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۟﴿۳۸﴾

(૩૮) અને જેઓ પોતાના પરવરદિગારની આજ્ઞાનું પાલન કરે છે તથા નમાઝ પઢે છે, તથા તેમના કાર્યો પરસ્પરની સલાહથી થાય છે, અને જે કાંઇ અમોએ તેમને આપ્યું છે તેમાંથી (અમારી રાહમાં) ખર્ચતા રહે છે.

وَالَّذِيْنَ اِذَاۤ اَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنْتَصِرُوْنَ ﴿۳۹﴾

(૩૯) અને જેઓ એવા છે કે જ્યારે તેમની સાથે (કોઇ પ્રકારનો) અત્યાચાર થાય છે ત્યારેજ તેનો બદલો (વ્યાજબી રીતે) લે છે.

وَجَزٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ مِّثْلُهَا ۚ فَمَنْ عَفَا وَاَصْلَحَ فَاَجْرُهٗ عَلَى اللّٰهِ ؕ اِنَّهٗ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿۴۰﴾

(૪૦) અને દરેક બદીનો બદલો તેવીજ બદી હોય છે, છતાં જે કોઇ માફ કરી દે અને સમાધાન કરી લે તો તેનો બદલો અલ્લાહના શિરે છે; ખરેખરજ તે ઝુલમગારોને દોસ્ત નથી રાખતો.

وَلَمَنِ انْتَصَرَ بَعْدَ ظُلْمِهٖ فَاُولٰٓئِكَ مَا عَلَيْهِمْ مِّنْ سَبِيْلٍ ﴿۴۱﴾

(૪૧) અને જે (પોતાના પર) ઝુલ્મ થયા બાદ બદલો લે તો તેમના પર કોઇ પ્રકારનો (દોષ મૂકવાનો) માર્ગ નથી.

إِنَّمَا السَّبِيلُ عَلَى الَّذِينَ يَظْلِمُونَ النَّاسَ وَيَبْغُونَ فِي الْأَرْضِ بِغَيْرِ الْحَقِّ ۚ أُولَٰئِكَ لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٤٢﴾

(૪૨) (દોષ મૂકવાનો) માર્ગ તેમના પર છે કે જેઓ લોકો પર ઝુલ્મ ગુજારે છે, અને જમીનમાં વિના કારણે દંગો કરતા રહે છે; એજ તેઓ (લોકો) છે કે જેમના માટે દુ:ખદાયક અઝાબ (તૈયાર) છે.

وَلَمَنْ صَبَرَ وَغَفَرَ إِنَّ ذَٰلِكَ لَمِنْ عَزْمِ الْأُمُورِ ﴿٤٣﴾

(૪૩) અને અલબત્ત, જે સબ્ર કરે અને તથા માફ કરી દે તો નિસંદેહ તે કાર્ય મહાન હિમ્મતના કાર્યોમાં ગણાશે.

وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ وَّلِيٍّ مِّنْۢ بَعْدِهٖ ؕ وَتَرَى الظّٰلِمِيْنَ لَمَّا رَاَوُا الْعَذَابَ يَقُوْلُوْنَ هَلْ اِلٰى مَرَدٍّ مِّنْ سَبِيْلٍ ﴿۴۴﴾

(૪૪) અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે તો તે બાદ તેનો કોઇ કાર્યસાધક (વલી) નથી; અને તું ઝાલિમોને જોશે કે જ્યારે તેઓ અઝાબ નિહાળશે ત્યારે આ કહેતા હશે કે ભલા (દુનિયામાં) પાછા ફરવાનો પણ કોઇ માર્ગ છે ?

وَتَرٰىهُمْ يُعْرَضُوْنَ عَلَيْهَا خٰشِعِيْنَ مِنَ الذُّلِّ يَنْظُرُوْنَ مِنْ
طَرْفٍ خَفِيٍّ ؕ وَقَالَ الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّ الْخٰسِرِيْنَ الَّذِيْنَ خَسِرُوْۤا
اَنْفُسَهُمْ وَاَهْلِيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ اَلَاۤ اِنَّ الظّٰلِمِيْنَ فِيْ عَذَابٍ
مُّقِيْمٍ ﴿۴۵﴾

(૪૫) અને તું તેમને જોશે કે તેઓ તે (જહન્નમ)ની સામે લાવી હાજર કરવામાં આવશે, એવી સ્થિતિમાં કે હીણપતથી જૂકેલા હશે, અને ત્રાંસી નજરથી જોતા હશે; અને જે લોકો ઇમાન લાવ્યા છે તેઓ કહેતા હશે કે ખરેખરૂં નુકસાન ભોગવનારા તેઓ છે કે જેમણે કયામતના દિવસે પોતેજ પોતાને નુકસાન પહોંચાડયું છે, અને પોતાના

સગાંવહાલાઓને પણ; (માટે) હવે જાણી લ્યો કે બેશક ઝાલિમો હંમેશ ટકી રહેનારા અઝાબમાં હશે.

وَمَا كَانَ لَهُمْ مِّنْ اَوْلِيَآءَ يَنْصُرُوْنَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ؕ وَمَنْ
يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ سَبِيْلٍ ؕ﴿۴۶﴾

(૪૬) અને અલ્લાહ સિવાય તેમના માટે કોઇ એવા કાર્યસાધક (દોસ્ત) નહિ હોય કે જે તેમની સહાય કરે; અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે તેના માટે (હિદાયતનો) કોઇ પણ માર્ગ નથી.

اِسْتَجِيْبُوْا لِرَبِّكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا مَرَدَّ لَهٗ مِنَ اللّٰهِ ؕ
مَا لَكُمْ مِّنْ مَّلْجَاٍ يَّوْمَئِذٍ وَّمَا لَكُمْ مِّنْ نَّكِيْرٍ ﴿۴۷﴾

(૪૭) (અય લોકો !) તે દિવસ કે જેનું ટળવું અસંભવિત છે તે અલ્લાહના તરફથી આવી પહોંચે તે પહેલાં તમે તમારા પરવરદિગારનો હુકમ માનો; (કારણ કે) તે દિવસે તમારા માટે કોઇ ન પનાહનું સ્થાન હશે, અને ન તમારા (ગુનાહોનો) કોઇ ઇન્કાર ચાલી શકશે.

فَاِنْ اَعْرَضُوْا فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ؕ اِنْ عَلَيْكَ اِلَّا
الْبَلٰغُ ؕ وَاِنَّآ اِذَآ اَذَقْنَا الْاِنْسَانَ مِنَّا رَحْمَةً فَرِحَ بِهَا ۚ وَاِنْ
تُصِبْهُمْ سَيِّئَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ فَاِنَّ الْاِنْسَانَ كَفُوْرٌ ﴿۴۸﴾

(૪૮) આ છતાંય તેઓ જો મોઢું ફેરવી લે તો (અય રસૂલ !) અમોએ તને તેમનો નિગેહબાન બનાવી

નથી મોકલ્યો; તારા માથે તો માત્ર (અમારો) સંદેશો પહોંચાડી દેવાનું છે; અને અમે જ્યારે મનુષ્યને અમારી રહેમતની મજા ચખાડીએ છીએ ત્યારે તે તેનાથી ખુશ ખુશ થઇ જાય છે, અને જો તેમને તેમના હાથોએ અગાઉ જે કર્યું હોય તે કારણે કોઇ દુ:ખ પહોંચે છે તો મનુષ્ય બેશક મહા નાશુક્રો તો છે જ.

لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يَخْلُقُ مَا يَشَآءُ ؕ يَهَبُ لِمَنْ يَّشَآءُ اِنَاثًا وَّيَهَبُ لِمَنْ يَّشَآءُ الذُّكُوْرَ ﴿٤٩﴾

(૪૯) આસમાનો તથા જમીનની બાદશાહી અલ્લાહની જ છે; તે જે ચાહે છે પેદા કરે છે; જેને

ચાહે છે પુત્રીઓ આપે છે, અને જને ચાહે છે પુત્ર આપે છે:

اَوْ يُزَوِّجُهُمْ ذُكْرَانًا وَّاِنَاثًا ۚ وَيَجْعَلُ مَنْ يَّشَآءُ عَقِيْمًا ؕ اِنَّهٗ عَلِيْمٌ قَدِيْرٌ ۝٥٠

(૫૦) અથવા તેમને પુત્ર અને પુત્રીઓ (એમ બન્નેય) આપે છે, અને જને ચાહે છે સંતાન વિહોણા રાખે છે; બેશક તે સર્વજ્ઞ (અને) સર્વ શક્તિમાન છે.

وَمَا كَانَ لِبَشَرٍ اَنْ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحْيًا اَوْ مِنْ وَّرَآئِ حِجَابٍ اَوْ يُرْسِلَ رَسُوْلًا فَيُوْحِيَ بِاِذْنِهٖ مَا يَشَآءُ ؕ اِنَّهٗ عَلِيٌّ حَكِيْمٌ ۝٥١

(૫૧) અને કોઇ મનુષ્યની એટલી મજાલ નથી કે તેની સાથે અલ્લાહ વાત કરે, સિવાય કે વહી દ્વારા,

અથવા પડદા પાછળથી, અથવા કોઇ ફરિશ્તો મોકલીને; પછી તે પોતાના હુકમથી જે ચાહે તે પ્રગટ કરે; ખરેખરજ તે ઉચ્ચ દરજ્જાવાળો (અને) હિકમતવાળો છે.

وَ كَذٰلِكَ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ رُوۡحًا مِّنۡ اَمۡرِنَا ؕ مَا كُنۡتَ تَدۡرِىۡ مَا الۡكِتٰبُ وَلَا الۡاِيۡمَانُ وَلٰـكِنۡ جَعَلۡنٰهُ نُوۡرًا نَّهۡدِىۡ بِهٖ مَنۡ نَّشَآءُ مِنۡ عِبَادِنَا ؕ وَاِنَّكَ لَـتَهۡدِىۡۤ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ۙ ﴿۵۲﴾

(૫૨) અને એવીજ રીતે અમોએ તમારી તરફ અમારા હુકમથી રૂહ (કુરઆન)ની વહી કરી છે; કોઇને ખબર ન હતી કે કિતાબ શું છે અને ઇમાન કઇ ચીઝનું નામ છે, પરંતુ અમોએ તેને એક નૂર

બનાવ્યું, જે વડે અમારા બંદાઓમાંથી અમે જેને ચાહીએ તેને હિદાયત દઇએ છીએ; અને બેશક તમે સીધા માર્ગ તરફજ હિદાયત કરી રહ્યા છો :

صِرَاطِ اللّٰهِ الَّذِىۡ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ؕ اَلَاۤ اِلَى اللّٰهِ تَصِيۡرُ الۡاُمُوۡرُ ۝٥٣

(૫૩) (યાને) તે અલ્લાહના માર્ગ તરફ કે આસમાનો તથા જમીનમાં જે કાંઇ છે તે (સઘળું) તેનુંજ છે; જાણી લ્યો કે સઘળા મામલાઓનું પાછું ફરવું છેવટે અલ્લાહની જ તરફ થશે.

## سورة الزخرف / સૂરએ ઝુખરૂફ

حٰمٓ ۚ ۝١

(૧) હા મીમ.

وَالْكِتٰبِ الْمُبِيْنِ ۙ ۝٢

(૨) આ રોશન કિતાબની કસમ છે :

اِنَّا جَعَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ ۚ ۝٣

(3) બેશક અમે તે કુરઆનને અરબી (ભાષામાં) બનાવ્યું કે જેથી તમે સમજી શકો.

وَاِنَّهٗ فِيْٓ اُمِّ الْكِتٰبِ لَدَيْنَا لَعَلِيٌّ حَكِيْمٌ ۝٤

(૪) અને બેશક તે (કુરઆન) અમારી પાસે ઉમ્મુલ કિતાબ (મૂળ પુસ્તક લવહે મહફૂઝ)માં અવશ્ય આલીશાન (અને) હિકમતવાળું છે.

اَفَنَضۡرِبُ عَنۡكُمُ الذِّكۡرَ صَفۡحًا اَنۡ كُنۡتُمۡ قَوۡمًا مُّسۡرِفِيۡنَ۝۵

(૫) પછી શું તમે લોકો મર્યાદા બહાર નીકળી જાઓ છો તેથી અમે (તમને સુધારવા માટેનો) ઉપદેશ કરવાનું સદંતર છોડી દઇએ ?

وَكَمۡ اَرۡسَلۡنَا مِنۡ نَّبِيٍّ فِى الۡاَوَّلِيۡنَ۝۶

(૬) અને અમોએ આગલા (લોકો)માં પણ અમૂક નબીઓ મોકલ્યા હતા.

وَمَا يَاۡتِيۡهِمۡ مِّنۡ نَّبِيٍّ اِلَّا كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ۝۷

(૭) અને તેમની પાસે કોઇ નબી આવતો ન હતો કે જેની તેઓ હાંસી ન ઉડાવતા.

فَاَهْلَكْنَآ اَشَدَّ مِنْهُمْ بَطْشًا وَّمَضٰى مَثَلُ الْاَوَّلِيْنَ ﴿٨﴾

(૮) પછી અમોએ તે લોકોનો કે જેઓ (આ કુરેશીઓ કરતાં) સખતાઇમાં (ઘણાં) વધેલા હતા (તેઓનો) નાશ કરી નાખ્યો, અને (પછી) આગલાઓના દાખલા ચાલુ થઇ ગયા.

وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ خَلَقَهُنَّ الْعَزِيْزُ الْعَلِيْمُ ﴿٩﴾

(૯) અને (અય રસૂલ!) જો તું તેમને પૂછે કે આસમાનો તથા જમીનને કોણે પેદા કર્યા છે તો

તેઓ જરૂર કહેશે કે તેમને તે સમર્થ (અને) સર્વજ્ઞ (અલ્લાહે) પેદા કર્યા છેઃ

الَّذِىۡ جَعَلَ لَكُمُ الۡاَرۡضَ مَهۡدًا وَّجَعَلَ لَكُمۡ فِيۡهَا سُبُلًا

لَّعَلَّكُمۡ تَهۡتَدُوۡنَ‌ۚ‏ ﴿۱۰﴾

(૧૦) જેણે તમારા માટે ભૂમિને પાથરણું બનાવી છે અને તમારા માટે તેમાં માર્ગો બનાવ્યા છે કે કદાચને તમે (સીધો) માર્ગ મેળવી શકો.

وَالَّذِىۡ نَزَّلَ مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ‌ۚ فَاَنۡشَرۡنَا بِهٖ بَلۡدَةً مَّيۡتًا‌ۚ

كَذٰلِكَ تُخۡرَجُوۡنَ‏ ﴿۱۱﴾

(૧૧) અને જેણે આસમાન પરથી પ્રમાણસર પાણી ઉતાર્યું, પછી અમોએ તે વડે નિર્જીવ ભૂમિને પુનઃ

સજીવન કરી દીધી, એવીજ રીતે તમે પણ (પુનઃ સજીવન કરી) કાઢવામાં આવશો.

وَالَّذِىۡ خَلَقَ الۡاَزۡوَاجَ كُلَّهَا وَجَعَلَ لَـكُمۡ مِّنَ الۡفُلۡكِ وَالۡاَنۡعَامِ مَا تَرۡكَبُوۡنَ ۙ‏ ﴿۱۲﴾

(૧૨) અને જેણે દરેક જાતના જોડાં પેદા કર્યા, અને તમારા માટે વહાણો તથા પશુઓ પેદા કર્યાં કે જેમના પર તમે સવાર થાઓ છો :

لِتَسۡتَوٗا عَلٰى ظُهُوۡرِهٖ ثُمَّ تَذۡكُرُوۡا نِعۡمَةَ رَبِّكُمۡ اِذَا اسۡتَوَيۡتُمۡ عَلَيۡهِ وَتَقُوۡلُوۡا سُبۡحٰنَ الَّذِىۡ سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ مُقۡرِنِيۡنَ ۙ‏ ﴿۱۳﴾

(૧૩) એ માટે કે તમે તેમની પીઠ ઉપર ટટ્ટાર થઇ બેસી જાઓ, પછી જ્યારે તમે તેમના ઉપર ટટ્ટાર થઇને બેસી જાઓ ત્યારે તમારા પરવરદિગારની નેઅમતને યાદ કરો, અને કહો કે વખાણને પાત્ર છે તે જાત કે જેણે આ (વાહનો)ને અમારા તાબે કરી દીધાં, જો કે તેમને કાબૂમાં લાવવાની અમારી શક્તિ ન હતીઃ

وَاِنَّاۤ اِلٰى رَبِّنَا لَمُنۡقَلِبُوۡنَ ﴿۱۴﴾

(૧૪) અને બેશક અમે અમારા પરવરદિગારની હજૂરમાં પાછા ફરીને જનારા છીએ.

وَجَعَلُوۡا لَهٗ مِنۡ عِبَادِهٖ جُزۡءًا ؕ اِنَّ الۡاِنۡسَانَ لَـكَفُوۡرٌ مُّبِيۡنٌ ﴿۱۵﴾

(૧૫) અને તેમણે તે (અલ્લાહ)ના માટે તેના બંદાઓમાંથી કેટલાકોને તેનાજ અંગ (ઓલાદ) બનાવી દીધા છે; બેશક મનુષ્ય ખુલ્લો નાશુક્રો છે.

اَمِ اتَّخَذَ مِمَّا يَخۡلُقُ بَنٰتٍ وَّاَصۡفٰىكُمۡ بِالۡبَنِيۡنَ ﴿١٦﴾

(૧૬) તે જે કાંઇ પેદા કરે છે તેમાંથી શું તેણે પોતે પુત્રીઓ લઇ લીધી છે અને પુત્રોથી તમને નવાજ્યા છે?

وَاِذَا بُشِّرَ اَحَدُهُمۡ بِمَا ضَرَبَ لِلرَّحۡمٰنِ مَثَلًا ظَلَّ وَجۡهُهٗ مُسۡوَدًّا وَّهُوَ كَظِيۡمٌ ﴿١٧﴾

(૧૭) અને જ્યારે તેઓમાંથી કોઈને તે (પુત્રીના જન્મ)ની ખુશખબર આપવામાં આવે છે કે જેનો તે

દયાળુ (અલ્લાહ) સાથે સંબંધ દેખાડ્યા કરતો હતો ત્યારે ક્રોધનો માર્યો તેનો ચહેરો કાળો થઇ જાય છે.

اَوَمَنْ يُّنَشَّؤُا فِى الْحِلْيَةِ وَهُوَ فِى الْخِصَامِ غَيْرُ مُبِيْنٍ ﴿١٨﴾

(૧૮) ભલા તે (છોકરીની જાત) કે જે ઘરેણાં (આદિ શણગાર)માં પોષણ પામે અને તે વાદવિવાદમાં શુદ્ધ બોલી પણ ન શકે (તે છોકરાના જેવી હોઇ શકે છે) ?

وَجَعَلُوا الْمَلٰٓئِكَةَ الَّذِيْنَ هُمْ عِبٰدُ الرَّحْمٰنِ اِنَاثًا ؕ اَشَهِدُوْا خَلْقَهُمْ ؕ سَتُكْتَبُ شَهَادَتُهُمْ وَيُسْـَٔلُوْنَ ﴿١٩﴾

(૧૯) અને તેમણે ફરિશ્તાઓને કે જે પણ દયાળુ (અલ્લાહ)ના બંદા છે સ્ત્રી જાતિ (તરીકે) માની

લીધા છે; ભલા તેઓ તેમના સર્જન વખતે હાજર હતા ? નજીકમાં જ તેમની સાક્ષી લખી લેવામાં આવશે અને તેમને સવાલ કરવામાં આવશે.

وَقَالُوْا لَوْ شَآءَ الرَّحْمٰنُ مَا عَبَدْنٰهُمْ ؕ مَا لَهُمْ بِذٰلِكَ مِنْ عِلْمٍ ۚ اِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿۲۰﴾

(૨૦) અને તેઓ કહે છે કે જો દયાળુ અલ્લાહ ચાહતે તો અમે તે (ફરિશ્તા)ઓની પૂજા ન કરતે; તેમને એ વિષેની માહિતી જ નથી, તેઓ તો માત્ર અટકળો બાંધે છે.

اَمْ اٰتَيْنٰهُمْ كِتٰبًا مِّنْ قَبْلِهٖ فَهُمْ بِهٖ مُسْتَمْسِكُوْنَ ﴿۲۱﴾

(૨૧) અથવા શું અમોએ તેમને આ પહેલાં કોઇ કિતાબ આપી છે કે જેને તેઓ મજબૂતીથી વળગી રહ્યા છે?

بَلْ قَالُوْٓا اِنَّا وَجَدْنَآ اٰبَآءَنَا عَلٰٓى اُمَّةٍ وَّاِنَّا عَلٰٓى اٰثٰرِهِمْ مُّهْتَدُوْنَ﴿۲۲﴾

(૨૨) (નહિ) બલ્કે તેઓ કહે છે કે અમોએ અમારા બાપદાદાઓને એક પંથ ઉપર ચાલતા જોયા હતા, અને બેશક અમે પણ તેમના જ પગલે પગલે ચાલ્યા જઇએ છીએ.

وَكَذٰلِكَ مَآ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ فِىۡ قَرۡيَةٍ مِّنۡ نَّذِيۡرٍ اِلَّا قَالَ
مُتۡرَفُوۡهَآ ۙ اِنَّا وَجَدۡنَآ اٰبَآءَنَا عَلٰٓى اُمَّةٍ وَّاِنَّا عَلٰٓى اٰثٰرِهِمۡ
مُّقۡتَدُوۡنَ ﴿۲۳﴾

(૨૩) અને (અય રસૂલ !) આ મુજબ અમોએ તારી અગાઉ જે ગામમાં ડરાવનારો (રસૂલ) મોકલ્યો ત્યારે તે (ગામ)ના વૈભવશાળીઓએ કહ્યું કે અમોએ તો અમારા બાપદાદાઓને એક પંથ ઉપર ચાલતા જોયા હતા. અને અમે પણ તેમના જ ચીલે ચીલે ચાલ્યા જઇશું.

قٰلَ اَوَلَوۡ جِئۡتُكُمۡ بِاَهۡدٰى مِمَّا وَجَدۡتُّمۡ عَلَيۡهِ اٰبَآءَكُمۡ ؕ قَالُوۡۤا
اِنَّا بِمَاۤ اُرۡسِلۡتُمۡ بِهٖ كٰفِرُوۡنَ ﴿۲۴﴾

(૨૪) (આથી તે રસૂલે) કહ્યું કે જે ચીલે ચાલતા તમોએ તમારા બાપદાદાઓને જોયા હતા તે કરતાંય વધારે સરળ માર્ગ (પર લાવનારો ધર્મ) હું લઇને આવ્યો હોઉં તો પણ (તમે તમારા બાપદાદાઓના જ ચીલે ચાલશો કે)? તેમણે કહ્યું કે ગમે તે હોય, તમને જે કાંઇ આપીને મોકલ્યા છે તેનો તો અમે અવશ્ય ઇન્કાર કરનારા છીએ.

فَانْتَقَمْنَا مِنْهُمْ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿٢٥﴾

(૨૫) જેથી અમોએ તેમનાથી પણ બદલો લીધો; પછી જોઇ લે કે જૂઠલાવનારાઓનો અંત કેવો આવ્યો?

وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ وَقَوْمِهٖٓ اِنَّنِيْ بَرَآءٌ مِّمَّا تَعْبُدُوْنَ ﴿٢٦﴾

(૨૬) અને (તે સમયને યાદ કરો) જ્યારે ઇબ્રાહીમે પોતાના (પાલક) પિતા તથા પોતાની કોમને કહ્યું કે જે વસ્તુઓને તમે પૂજો છો તેનાથી હું તદ્દન દૂર છું :

اِلَّا الَّذِیۡ فَطَرَنِیۡ فَاِنَّہٗ سَیَہۡدِیۡنِ ﴿۲۷﴾

(૨૭) સિવાય તેના કે જેણે મને પેદા કર્યો છે, માટે તે નજીકમાં જ મને હિદાયત પણ આપશે.

وَ جَعَلَہَا کَلِمَۃًۢ بَاقِیَۃً فِیۡ عَقِبِہٖ لَعَلَّہُمۡ یَرۡجِعُوۡنَ ﴿۲۸﴾

(૨૮) અને તેણે (અલ્લાહની ઐક્યતાના) વાક્યને પોતાના વંશજોમાં કાયમ રાખ્યું કે કદાચને તેઓ (મુશરીકો) પાછા ફરે.

بَلْ مَتَّعْتُ هٰٓؤُلَآءِ وَاٰبَآءَهُمْ حَتّٰى جَآءَهُمُ الْحَقُّ وَرَسُوْلٌ

مُّبِيْنٌ ﴿٢٩﴾

(૨૯) પરંતુ હું તેમને તથા તેમના બાપદાદાઓને લાભ પહોંચાડતો રહ્યો, અહીં સુધી કે તેમની પાસે સાચો (દીન) અને સાક્ષાત રસૂલ આવી પહોંચ્યા.

وَلَمَّا جَآءَهُمُ الْحَقُّ قَالُوْا هٰذَا سِحْرٌ وَّاِنَّا بِهٖ كٰفِرُوْنَ ﴿٣٠﴾

(30) અને જ્યારે તેમની પાસે સત્ય (ધર્મ) આવી ગયો ત્યારે તેમણે કહ્યું કે આ તો જાદુ છે, અને ખરેજ અમે તેની અવગણના કરનારા છીએ.

وَقَالُوْا لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰى رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ

عَظِيْمٍ ﴿٣١﴾

(૩૧) અને તેમણે આ પણ કહ્યું કે આ કુરઆન બે ગામો (મક્કા તથા તાઇફ) માંના કોઇ બુઝુર્ગ માણસ પર શા માટે ઉતારવામાં ન આવ્યું?

اَهُمۡ يَقۡسِمُوۡنَ رَحۡمَتَ رَبِّكَ ؕ نَحۡنُ قَسَمۡنَا بَيۡنَهُمۡ مَّعِيۡشَتَهُمۡ فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَرَفَعۡنَا بَعۡضَهُمۡ فَوۡقَ بَعۡضٍ دَرَجٰتٍ لِّيَتَّخِذَ بَعۡضُهُمۡ بَعۡضًا سُخۡرِيًّا ؕ وَرَحۡمَتُ رَبِّكَ خَيۡرٌ مِّمَّا يَجۡمَعُوۡنَ ﴿۳۲﴾

(૩૨) શું તેઓ તારા પરવરદિગારની રહેમતને વહેંચે છે? અમોએ આલોકના જીવનમાં તેમની વચ્ચે તેમની રોઝી વહેંચી આપી છે, અને અમોએ તેઓ માંના કેટલાકોને કેટલાકો પર દરજ્જા

આપ્યા છે કે જેથી તેઓમાંથી કેટલાકો કેટલાકોને આજ્ઞાંકિત કરી રાખે; અને તારા પરવરદિગારની રહેમત તે વસ્તુઓ કરતાં કે જેનો તેઓ સંગ્રહ કરે છે કેટલીયે વધારે છે.

وَلَوۡلَاۤ اَنۡ يَّكُوۡنَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً لَّجَعَلۡنَا لِمَنۡ يَّكۡفُرُ بِالرَّحۡمٰنِ لِبُيُوۡتِهِمۡ سُقُفًا مِّنۡ فِضَّةٍ وَّمَعَارِجَ عَلَيۡهَا يَظۡهَرُوۡنَ ۙ﴿۳۳﴾

(33) અને જો એમ ન હોત કે (સઘળા) લોકો એકજ પંથના બની જતે, (અર્થાત સઘળાજ ઇર્ષાળુ બની જવાની ધાસ્તી ન હોત) તો અમે તેમના માટે કે જેઓ દયાળુ (અલ્લાહ)નો ઇન્કાર કરે છે તેમના

મકાનોના છાપરાં ચાંદીના બનાવી દેતે, અને સીડીઓ પણ કે જેના ઉપર તેઓ ચઢે (ઉતરે) છેઃ

وَلِبُيُوۡتِهِمۡ اَبۡوَابًا وَّسُرُرًا عَلَيۡهَا يَتَّكِـُٔوۡنَۙ ۝٣٤

(૩૪) અને તેમના મકાનો માટેના બારણાં, અને તે સિંહાસનો પણ કે જેમના પર તેઓ અઢેલીને બેસે છેઃ

وَزُخۡرُفًا‌ ؕ وَاِنۡ كُلُّ ذٰلِكَ لَمَّا مَتَاعُ الۡحَيٰوةِ الدُّنۡيَا‌ ؕ وَالۡاٰخِرَةُ عِنۡدَ رَبِّكَ لِلۡمُتَّقِيۡنَ ۝٣٥

(૩૫) અને (ચાંદીના જ નહિ, બલ્કે) સોનાના પણ; પરંતુ આ (સઘળું કેવળ) સંસારી જીવનની પૂંજી છે;

અને તારા પરવરદિગાર પાસે તો પરહેઝગારો માટે આખેરત જ (લાભદાયી) છે.

وَمَنْ يَّعْشُ عَنْ ذِكْرِ الرَّحْمٰنِ نُقَيِّضْ لَهٗ شَيْطٰنًا فَهُوَلَهٗ قَرِيْنٌ ﴿٣٦﴾

(૩૬) અને જે શખ્સ (દયાળુ) અલ્લાહની યાદથી મોઢું ફેરવી લે છે તો તેના માટે અમે એક શૈતાનની નિમણુંક કરી દઇએ છીએ, એજ તેનો સાથી રહે છે.

وَاِنَّهُمْ لَيَصُدُّوْنَهُمْ عَنِ السَّبِيْلِ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٣٧﴾

(૩૭) અને ખરેખર એજ (શેતાનો) તેમને સન્માર્ગથી અટકાવતા રહે છે, અને તેઓ એવું ગુમાન કરતા રહે છે કે તેઓ હિદાયત પામેલા છે.

حَتّٰۤى اِذَا جَآءَنَا قَالَ يٰلَيۡتَ بَيۡنِىۡ وَبَيۡنَكَ بُعۡدَ الۡمَشۡرِقَيۡنِ فَبِئۡسَ الۡقَرِيۡنُ ۝٣٨

(૩૮) અહીં સુધી કે જ્યારે તે (કયામતમાં) અમારી પાસે આવશે તો (તે પોતાના સાથી શેતાનને) કહેશે કે મારી તથા તારી વચ્ચે પૂર્વ પશ્ચિમનું અંતર હોત તો કેવું સારૂં થતે ! માટે (જુઓ કે) તે કેવો ખરાબ સાથી છે !

وَلَنۡ یَّنۡفَعَکُمُ الۡیَوۡمَ اِذۡ ظَّلَمۡتُمۡ اَنَّکُمۡ فِی الۡعَذَابِ
مُشۡتَرِکُوۡنَ﴿۳۹﴾

(૩૯) અને જ્યારે તમે ઝુલ્મ કરી ચૂક્યા છો તો તમને આ દિવસ કાંઇજ નફો નહિ પહોંચાડે, (માટે) તમે આ અઝાબમાં એક બીજાના શરીક થઇ જાઓ.

اَفَاَنۡتَ تُسۡمِعُ الصُّمَّ اَوۡ تَہۡدِی الۡعُمۡیَ وَمَنۡ کَانَ فِیۡ ضَلٰلٍ
مُّبِیۡنٍ﴿۴۰﴾

(૪૦) ત્યારે (અય રસૂલ !) શું તું બહેરાઓને સંભળાવી શકે છે, અથવા આંધળાઓ તથા જેઓ ખુલ્લી ગુમરાહીમાં છે તેમની રાહબરી કરી શકે છે?

فَاِمَّا نَذۡہَبَنَّ بِکَ فَاِنَّا مِنۡہُمۡ مُّنۡتَقِمُوۡنَ ﴿ۙ۴۱﴾

(૪૧) પણ જો અમે તને (દુનિયામાંથી) લઇ પણ લઇએ તો પણ તેમનાથી બદલો તો જરૂર લઇશું :

اَوۡ نُرِيَنَّكَ الَّذِىۡ وَعَدۡنٰهُمۡ فَاِنَّا عَلَيۡهِمۡ مُّقۡتَدِرُوۡنَ ﴿٤٢﴾

(૪૨) અથવા અમે તને (તારી જિંદગીમાં જ) તે (અઝાબ) પ્રત્યક્ષ દેખાડી દઇએ કે જેનો અમોએ તેમને વાયદો કર્યો છે, કારણ કે બેશક અમે તેમના પર સંપૂર્ણ કાબૂ ધરાવનારા છીએ.

فَاسۡتَمۡسِكۡ بِالَّذِىۡۤ اُوۡحِىَ اِلَيۡكَ‌ۚ اِنَّكَ عَلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿٤٣﴾

(૪૩) માટે તારા તરફ જે કાંઇ વહી કરવામાં આવી છે તેને મજબૂતીથી વળગી રહે, બેશક તું સરળ માર્ગ ઉપર છે.

وَاِنَّهٗ لَذِكۡرٌ لَّكَ وَلِقَوۡمِكَ ۚ وَسَوۡفَ تُسۡـَٔلُوۡنَ ﴿۴۴﴾

(૪૪) અને બેશક આ (કુરઆન) તારા તથા તારી કોમ માટે (ઉમદા) નસીહત છે અને (તે વિશે) આગળ જતાં તમને સવાલ કરવામાં આવશે.

وَسۡـَٔلۡ مَنۡ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ مِنۡ رُّسُلِنَاۤ اَجَعَلۡنَا مِنۡ دُوۡنِ الرَّحۡمٰنِ اٰلِهَةً يُّعۡبَدُوۡنَ ﴿۴۵﴾

(૪૫) અને અમોએ તારી પહેલાં જે રસૂલો મોકલ્યા હતા તેમને પૂછી જો કે ભલા અમોએ દયાળુ

(અલ્લાહ) સિવાય કોઇ બીજા માઅબૂદો નક્કી કરી આપ્યા હતા કે જેમને પૂજવામાં આવે?

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَقَالَ اِنِّيْ رَسُوْلُ رَبِّ الْعٰلَمِيْنَ۝۴۶

(૪૬) અને ખરેજ અમોએ મૂસાને અમારી નિશાનીઓ આપીને ફિરઔન તથા તેની કોમના સરદારો તરફ મોકલ્યો ત્યારે (મૂસાએ) ફરમાવ્યું હતું કે ખરેખરજ હું સઘળી દુનિયાઓના પરવરદિગારનો રસૂલ છું.

فَلَمَّا جَآءَهُمْ بِاٰيٰتِنَآ اِذَا هُمْ مِّنْهَا يَضْحَكُوْنَ۝۴۷

(૪૭) પણ જ્યારે તે તેમની પાસે અમારી નિશાનીઓ લઇને પહોંચ્યો ત્યારે તરતજ તેમણે તે (નિશાનીઓ)ને હસી કાઢી.

وَمَا نُرِيهِمْ مِّنْ ءَايَةٍ إِلَّا هِيَ أَكْبَرُ مِنْ أُخْتِهَا ۖ وَأَخَذْنَٰهُم بِٱلْعَذَابِ لَعَلَّهُمْ يَرْجِعُونَ ﴿٤٨﴾

(૪૮) અને અમે તેમને કોઇ એવી નિશાની દેખાડતા ન હતા કે જે આગલી નિશાનીઓ કરતાં ચઢીયાતી ન હોય, અને અમોએ તેમને અઝાબમાં પણ પકડી લીધા કે કદાચને તેઓ (સન્માર્ગ તરફ) પાછા ફરે.

وَقَالُوۡا يٰۤاَيُّهَ السّٰحِرُ ادۡعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنۡدَكَ ۚ اِنَّنَا لَمُهۡتَدُوۡنَ ﴿۴۹﴾

(૪૯) અને (જ્યારે અઝાબમાં સપડાયા ત્યારે મૂસાને) તેમણે કહ્યું કે અય જાદુગર ! તું અમારી ખાતર તારા પરવરદિગાર પાસે તે વસ્તુ માટે દુઆ કર કે જેનો તેણે તારી સાથે વાયદો કર્યો છે, (જો હવે અઝાબથી છુટીશું) તો પછી અમે બેશક સન્માર્ગ પર ચાલીશું.

فَلَمَّا كَشَفۡنَا عَنۡهُمُ الۡعَذَابَ اِذَا هُمۡ يَنۡكُثُوۡنَ ﴿۵۰﴾